
### શહેરના વેપારીઓ-નાગરિકોએ એકતા દર્શાવી, આતંકવાદ સામે ભારત સરકાર પાસે કડક પગલાંની કરી માંગ

# આતંકી હુમલાના વિરોધમાં દાહોદ સજ્જડ બંધ



**શહેરના** તમામ બજારો, નાના-મોટા વેપારીઓ અને નાગરિકોએ એકતા દર્શાવી આ હુમલાની નિંદા કરી

(પ્રતિનિધિ) દાહોદ, તા.28

જમ્મુ કાશ્મીરના પહેલગામમાં આતંકી હુમલાને દાહોદ શહેરવાસીઓએ સખ્ત શબ્દોમાં વખોડી કાઢ્યો છે. જેના ભાગરૂપે આ આતંકી હુમલાના વિરોધમાં સંપુર્ણ દાહોદ શહેર સજ્જ બંધ રહ્યું છે. દાહોદ શહેરના તમામ મોટાથી લઈ નાના વેપારીઓ, ધંધાકીય આલમ વિગેરે એકતા દર્શાવી છે. સાથે સાથે આતંકવાદ સામે કડકમાં કડક પગલાં લેવાની સરકાર સમક્ષ દાહોદ શહેરવાસીઓએ માંગ પણ કરી છે.

પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલાના વિરોધમાં દાહોદ શહેરે સજ્જડ બંધ પાળ્યું છે. શહેરના તમામ બજારો, નાના-મોટા વેપારીઓ અને નાગરિકોએ એકતા દર્શાવી આ હુમલાની નિંદા કરી છે. આ બંધ દ્વારા આતંકવાદ સામે લડવાનો સંકલ્પ વ્યક્ત કરવામાં આવ્યો છે.

દાહોદના વેપારી સમુદાયે આ બંધને સંપૂર્ણ સમર્થન આપ્યું છે. શહેરના મુખ્ય બજારો, દુકાનો અને વ્યવસાયિક સંસ્થાઓ સ્વૈચ્છિક રીતે બંધ રાખવામાં આવી છે. વેપારી ચંદ્રપ્રકાશ ધર્માણીએ જણાવ્યું કે આ હુમલાએ આખા દેશને હચમચાવી દીધો છે. તેમણે સરકાર પાસે આવી ઘટનાઓનું પુનરાવર્તન ન થાય તે માટે નક્કર પગલાં લેવાની માગ કરી છે. વેપારી દીપક શર્માએ જણાવ્યું કે દાહોદના નાગરિકો એકજૂટ થઈને રાષ્ટ્રીય સુરક્ષા માટે પોતાનો અવાજ ઉઠાવી રહ્યા છે.

શહેરમાં કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે પોલીસે પૂરતો બંદોબસ્ત ગોઠવ્યો હતો. બંધ શાંતિપૂર્ણ રહ્યો છે. બંધ દરમિયાન શહેરના મુખ્ય માર્ગો અને બજારો સૂનાં રહ્યાં છે.

સ્થાનિક નેતાઓ અને વેપારી સંગઠનોએ સરકારને અપીલ કરી છે કે ભવિષ્યમાં આવી ઘટનાઓ ન બને તે માટે નક્કર પગલાં લેવામાં આવે. દાહોદના આ બંધે દેશભરમાં સંદેશ આપ્યો છે કે ભારતનું નાનું શહેર પણ આતંકવાદ સામે એકજૂટ થઈ શકે છે. તો બીજી તરફ આ આતંકવાદીઓ અને તેમના આકાઓને કડકમાં સજા આપવામાં આવે અને બીજી વાર આવુ પગલુ ભરતા અન્ય કોઈ આતંકી સગઠન 10વાર વિચાર કરશે. સાથે સાથે દાહોદ શહેરના લઘુમતિ વિસ્તારો ખાતે પણ લઘુમતિ કોમના લોકોએ પણ આ બંધને સમર્થન આપ્યું છે. અને પોત પોતાના વિસ્તારના રોજગાર ધંધા સજ્જડ બંધ રાખ્યાં છે. બીજી તરફ દાહોદ શહેરના દેસાઈવાડ ખાતે વણિક સમાજ દ્વારા સાંજના સમયે આતંકવાદી હુમલામાં માર્યા ગયેલા હિન્દુઓને શ્રધ્ધાંજલિ અર્પણ કરાઈ હતી.

## પહલગામના આતંકી હુમલાના વિરોધમાં ગરબાડામાં સ્વૈચ્છિક બંધ પાડી મામલતદારને આવેદન અપાયું



**ગરબાડા :** જમ્મુ કાશ્મીરના પહલગામમાં 22 એપ્રિલના રોજ ઇસ્લામિક આતંકીઓના હુમલાએ આખા દેશને હચમચાવી દીધો છે આ હુમલામાં ત્રણ ગુજરાતીઓ સહિત 26 ભારતીય નાગરિકોએ જીવ ગુમાવ્યો છે. આ આતંકી હુમલાને લઇને દેશમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે ત્યારે આ કાયરતા પૂર્ણ હુમલાને વખોડી કાઢી આ આતંકી હુમલાના વિરોધમાં આજે ગરબાડા નગરમાં સંપૂર્ણ બંધ પાળવાના આહવાનના પગલે આજે વેપારીઓએ પોતાના રોજગાર ધંધા બંધ રાખ્યા હતા અને બંધ પાળી આતંકી હુમલાનો વિરોધ દર્શાવ્યો હતો સાથે સાથે નગરજનોએ આતંકીઓ વિરુદ્ધ સખત માં સખત કાર્યવાહી કરવામાં આવે ની માંગ સાથે ગરબાડા મામલતદાર કચેરી ખાતે આવેદન પત્ર પાઠવ્યું હતું.

## પાવાગઢ ખાતે જાગૃત હિન્દુ સંગઠન દ્વારા આતંકી હુમલાના શહિદોને મૌન રેલી કાઢી શ્રદ્ધાંજલિ અપાઇ



**હાલોલ :** કાશ્મીરના પહેલ ગામમાં તારીખ ગત 22/04/2025 મંગળવારના રોજ પાકિસ્તાનના નાપાક આતંકવાદીઓએ પોતાની કાયરતાનો પરચો આપી પહેલગામ ફરવા ગયેલા ભારતના નિર્દોષ નાગરિક એવા પર્યટકોને નિશાન બનાવી તેઓની ઉપર ગોળીબાર કરી 26 જેટલા નિર્દોષ ભારતીય પર્યટકોની હત્યા કરી હતી. જેને લઈને સમગ્ર દેશભરમાં જ નહીં વિશ્વભરમાં આ નાપાક કૃત્યની નિંદા કરી સૌ કોઈએ આ કાયર આતંકવાદીઓને અને તેઓને પનાહ આપતા પાકિસ્તાનને જડમૂળમાંથી ઉખેડી નેસ્તનાબૂદ કરવાની પ્રબળ માંગ છે. જે અંતર્ગત રવિવારે હાલોલ તાલુકાના પાવાગઢ ખાતે જાગૃત હિન્દુ સંગઠન દ્વારા હનુમાનજી મંદિર પોલીસ સ્ટેશનની બાજુમાં પાવાગઢ ગામ ખાતે મૌન રેલી યોજી શ્રદ્ધાંજલિ પાઠવવામાં આવી હતી.

## સિંગવડ નગરના તમામ વેપારીઓ-નાગરિકોએ ધંધા રોજગાર બંધ રાખી આતંકવાદ સામે રોષ વ્યક્ત કર્યો



**સિંગવડ :** જમ્મુ કાશ્મીરના પહેલગામમાં આતંકી હુમલાને સિંગવડ નગર ના લોકોએ સખ્ત શબ્દોમાં વખોડી કાઢ્યો છે. જેના ભાગરૂપે આ આતંકી હુમલાના વિરોધમાં સંપુર્ણ સિંગવડ નગર સજ્જડ બંધ રહ્યું હતું જ્યારે સિંગવડ નગરના તમામ મોટા થી લઈ નાના વેપારીઓ, ધંધાકીય આલમ વિગેરે એકતા દર્શાવી છે. સિંગવડ નગરના લઘુમતિ કોમના લોકોએ પણ આ બંધને સમર્થન આપ્યું છે. અને પોત પોતાના વિસ્તારના રોજગાર ધંધા સજ્જડ બંધ રાખ્યાં છે. બીજી તરફ સિંગવડ નગર ખાતે સાંજે 5:00 કલાકે કંચન ધારા પેટ્રોલ પંપથી કેન્ડલ માર્ચ લઈ સિંગવડના ચુંદડી રોડ પર ધારાસભ્ય નિવાસ સ્થાનથી સંજેલી રોડ થઈને નીચવાસ અંબે માતાના મંદિરેથી પાછી ફરી ગુરુ ગોવિંદ ચોક ખાતે આવી પાંચ મિનિટનું શ્રદ્ધાંજલિ આપવમા આવી હતી.

## દાહોદ જિલ્લા કલેકટર યોગેશ નિરગુડેએ ઝાલોદ મામલતદાર કચેરીની ઓચિંતી મુલાકાત લીધી

**અરજદારોને** મુશ્કેલીઓ ન પડે તે રીતે કામગીરી કરવા અધિકારીઓ અને કર્મચારીઓને જરૂરી સુચનાઓ આપી



(પ્રતિનિધિ) દાહોદ, તા.28

જીલ્લા કલેકટર યોગેશ નિરગુડેએ ઝાલોદ મામલતદાર કચેરી ની ઓચિંતી મુલાકાત લીધી હતી.જે સંદર્ભે કચેરીનું નિરીક્ષણ કર્યું હતું. આ દરમ્યાન તેમણે જન સેવા કેન્દ્ર, ઈ-ધરા કેન્દ્ર, સબ રજિસ્ટ્રાર કચેરી અને સર્કલ ઓફિસરશ્રીઓની કામગીરીનું ઝીણવટ પૂર્વક નિરીક્ષણ કર્યું હતું. આધાર કાર્ડ, રાશનકાર્ડમાં સુધારા વધારા તેમજ રેશનકાર્ડ e-kyc કામગીરી ઝડપથી કરાવી, જન સેવા માટેની અન્ય કામગીરી અંગે અરજદારોને મુશ્કેલીઓ ન પડે તે માટે જરૂરી સુચનાઓ કર્મચારીઓને આપી હતી.

નોંધનીય છે કે, દાહોદ જિલ્લાની તમામ મામલતદાર કચેરીઓમાં અરજદારોનો સતત ધસારો રહે છે અને આધાર કાર્ડ, રેશનકાર્ડ માં સુધારા વધારા અને રેશનકાર્ડ e -kyc તેમજ દસ્તાવેજ નોંધણી માટે લાંબી લાઈનો લાગે છે. આ પ્રક્રિયા ઝડપથી થાય તેમજ સામાન્ય લોકોના કાર્યો સરળતાથી અને ઝડપથી કરવા માટે તેમણે માર્ગદર્શન સહિત જરૂરી સુચનાઓ આપી હતી. આ દરમ્યાન પ્રાંત અધિકારી એ. કે. ભાટિયા અને ઝાલોદ મામલતદારશ્રી શૈલેન્દ્ર પરમાર પણ આ નિમિતે ઉપસ્થિત રહી કચેરીઓનું નિરીક્ષણ કરી માર્ગદર્શન આપ્યું હતું.

### પર્યાવરણનું જતન અને સંરક્ષણની જવાબદારી અદા કરીએ

## દાહોદના વ્યાખ્યાતાનું પર્યાવરણ સંરક્ષણ એવોર્ડથી સન્માન કર્યું



(પ્રતિનિધિ) લીમખેડા, તા.28

વૃક્ષો બચાવી પૃથ્વીને પ્લાસ્ટિક મુક્ત બનાવી પર્યાવરણને સુંદર બનાવવાના અભિગમ સાથે માધવ ચેરીટેબલ ટ્રસ્ટ કપડવંજ, બ્રહ્મ સમાજ સેવા ટ્રસ્ટ મહેસાણા, અનંતા એજ્યુકેશન કેમ્પસ અને વેદ ઈન્ટરનેશનલ સ્કુલ સરગાસણ ગાંધીનગર તથા પર્યાવરણ સંરક્ષણ પ્રકલ્પ સંયોજકના ઉપક્રમે ગાંધીનગરના ટાઉનહોલ ખાતે પર્યાવરણ સંરક્ષણ એવોર્ડ અર્પણ કાર્યક્રમ યોજાયો હતો. તેમાં જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન દાહોદ ખાતે વ્યાખ્યાતા તરીકે કાર્યરત ડૉ.ભાવનાબેન ભાનુભાઈ પલાસને પર્યાવરણ સંરક્ષણ એવોર્ડથી સન્માનિત કરવામાં આવતા સમગ્ર દાહોદ જિલ્લામાંથી ખૂબ- ખૂબ અભિનંદન સાથે હાર્દિક શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.આ પ્રસંગે ડૉ.ભાવનાબેન ભાનુભાઈ પલાસ દ્વારા સમસ્ત માનવજીવનને એવો સંદેશ આપવામાં આવ્યો કે,આપણે સૌ પ્રકૃતિપ્રેમી બનીને પર્યાવરણનું જતન અને સંરક્ષણની જવાબદારી અદા કરીએ.

## ઝાલોદ APMCના વાઈસ ચેરમેન તરીકે મનપ્રિતસિંહજી રાઠોડની બીનહરીફ વરણી



(પ્રતિનિધિ) ઝાલોદ, તા.28

ઝાલોદ ધી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિના વાઈસ ચેરમેન તરીકે મનપ્રિતસિંહજી મહેન્દ્રસિંહજી રાઠોડ (બાપુ)ની બીનહરીફ વરણી કરવામાં આવી

ઝાલોદ એપીએમસી ખાતે આજરોજ તારીખ 28/04/2025 ના રોજ ધી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, ઝાલોદની સામાન્ય સભાનાં અધ્યક્ષ મહેશભાઈ ભુરીયાની અધ્યક્ષતામાં તમામ બોર્ડ ઓફ ડિરેક્ટરઓની હાજરીમાં વાઈસ ચેરમેનની ચૂંટણી કરવામાં આવી. જેમાં ગુજરાત ખેતીવાડી ઉત્પન્ના બજાર બાબતના નિયમ -31 મુજબ વાઈસ ચેરમેન તરીકે મનપ્રિતસિંહજી મહેન્દ્રસિંહજી રાઠોડ (બાપુ)ના નામની દરખાસ્ત સભ્ય પંકજ કુમાર ચંદ્રકાંત જૈને કરી. જેને સભ્ય નરેશભાઈ મગાભાઈ ભાભોરે ટેકો આપ્યો હતો અને સભ્ય હિતેન્દ્રકુમાર દામોદરદાસ પટેલ દ્વારા સમર્થન મળતા સર્વાનુમતે વાઈસ ચેરમેન તરીકે મનપ્રિતસિંહજી મહેન્દ્રસિંહજી રાઠોડ ( બાપુની બીનહરીફ વરણી કરવામાં આવી.

ઝાલોદ ધી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિના ચેરમેન મહેશભાઈ ભુરીયા દ્વારા વાઈસ ચેરમેન મનપ્રિતસિંહજી મહેન્દ્રસિંહજી રાઠોડ બાપુની બીનહરીફ વરણી થતાં તેમનું ફુલહારથી સ્વાગત કરી અભિનંદન પાઠવ્યા હતા. ઝાલોદ ધી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિના ડિરેક્ટરોઅને ખેડૂતો અને માર્કેટ યાર્ડના વેપારીઓએ વાઈસ ચેરમેન મનપ્રિતસિંહજી મહેન્દ્રસિંહજી રાઠોડ (બાપુ)ની બીનહરીફ વરણી થતાં ફુલહારથી સ્વાગત કરી અભિનંદન પાઠવ્યા હતા.

### ગેરકાયદેર ચાલતી પ્રવૃતિઓ ઉપર પોલીસની ચાંપતી નજર

## ગરબાડા પોલીસની ડ્રોન ટેક્નોલોજી સાથે કાર્યવાહી, દારૂની હાટડીઓ પર રેડ કરી

**૧૫** લીટર દેશી દારૂ ૩૧૫ લિટર જેટલો દારૂ બનાવવાનો વોશ સહિત એકને ઝડપી પાડ્યો



(પ્રતિનિધિ) ગરબાડા, તા.28

ગરબાડા પોલીસે આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરી ગેરકાયદેર રીતે ચાલતા દેશી તેમજ વિદેશી દારૂના વેપલા ઉપર મોટી કાર્યવાહી હાથ ધરી હતી અને દેશી દારૂ સાથે પાંચવાડા ખાતેથી એક ઈસમને ઝડપી પાડ્યો છે.

ગરબાડા પોલીસ મથકના પોલીસ ઈન્સ્પેક્ટર એસ.એમ રાદડિયા સહિત પોલીસ ટીમ દ્વારા આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરી ડ્રોન કેમેરાની મદદથી ગરબાડા પોલીસ સ્ટેશન વિસ્તારના પાંચવાડા ગામના કેનાલ ફળિયા સહિત ચાર જગ્યાએ દેશી દારૂની હાટડીઓ ઉપર રેડ પાડી હતી આ રેડ દરમિયાન પોલીસે ૧૫ લીટર દેશી દારૂ ૩૧૫ લિટર જેટલો દારૂ બનાવવાનો વોશ તેમજ બીયરના ટીન જપ્ત કર્યા છે. આ ઉપરાંત એક શખ્સને પણ ઝડપી પાડવામાં આવ્યો છે આ સાથે ગરબાડા પોલીસે ગરબાડા વિવિધ વિસ્તારોમાં પણ ડ્રોન કેમેરા દ્વારા સર્વેલન્સ હાથ ધરવામાં આવ્યું હતું આમ ગરબાડા પોલીસ આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરી ડ્રોન મારફતે ગેરકાયદેસર પ્રવૃતિઓ ઉપર ચાંપતી નજર રાખી રહી છે.

## નેશનલ તાઈકવાંડો ચેમ્પિયનશિપમાં દહેરાદૂન ખાતે બ્રહ્મ સમાજનું ગૌરવ વધારતી જૈવી પંડ્યા




(પ્રતિનિધિ) કાલોલ, તા.28

મૂળ કાલોલના અને હાલ ગાંધીનગર સચિવાલયમાં સેક્શન ઓફિસર તરીકે ફરજ બજાવતા ડૉ.હેતાર્થ અવિનાશ પંડ્યાની પુત્રી જૈવી પંડ્યા એ તેમના કોચ પ્રગ્નેશ મેસરીયાના માર્ગદર્શન હેઠળ ઉત્તરાખંડના દહેરાદૂન ખાતે યોજાયેલ 15મી નેશનલ તાઈકવાંડો ચેમ્પિયનશિપ એપ્રિલ 2025માં જુનિયર લેવલ 29કિ . ગ્રા. થી 32 કિ.ગ્રા.માં સિલ્વર મેડલ જીતી બ્રહ્મ સમાજનું ગૌરવ વધાર્યું છે.

### ટ્રેક્ટરોમાં ભરેલી રેતીને ઉલેચવા માટે કોઇ પાસ-પરમીટ છે કે નહિ ? તે તપાસનો વિષય

## કાલોલમા ગેરકાયદેસર રેતી ભરેલા ટ્રેકટરો રસ્તા પર દોડતા જોવા મળ્યા

જિલ્લા ખાણ અને ખનિજ વિભાગને ભૂમાફિયાઓની આ હરકત વિશે જાણ છે કે નહિ ? કે પછી આંખ આડા કાન કરે છે ? તેવી નગરજનોમાં ચર્ચાઓ ઉઠી



(પ્રતિનિધિ) કાલોલ, તા.28

કાલોલ શહેર અને તાલુકાના ગામોમાં બિનધાસ્ત રેતી ભરેલા ટ્રેકટરો પસાર થઈ રહ્યા છે. ખાણ ખનીજ વિભાગના અધિકારીઓ ની મોટા પાયે બદલીઓ થયા બાદ પંચમહાલ જિલ્લાના ખાણ ખનીજ વિભાગના કોઈ અધિકારીઓ કાલોલ તરફ તપાસમાં આવતા ન હોવાથી ખનન માફીયાઓ બેફામ બની રેતી ભરેલા ટ્રેકટરો લઈ સરેઆમ હાઈવે ઉપર અને ગામમાં થી પસાર થતા જોવા મળે છે.

રવિવારે સાંજે બે ટ્રેક્ટર ગામમાંથી નવાપુરા પાછલા રોડ ઉપરથી હાઈવે તરફ પસાર થઈ રહ્યા હતા ત્યારે આ ટ્રેક્ટર ચાલકે પોતે જણાવેલ કે આ રેતી ભરેલા ટ્રેકટરો દેવાભાઈના છે અને પાસ પરમીટ વગરના છે ત્યારે તંત્ર દ્વારા નક્કર કાર્યવાહી કરવામાં આવશે ખરી?